Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com



॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર

Mo- 9016924808

સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 46,(SURAT), DATE-07/05/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૪૬, (સુરત), તા.૦૭/૦૫/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.


2 ૭ ફૂટ ઊંચા હિમ શિવલિંગના દર્શનાર્થે આવશે લાખો શ્રદ્ધાળુઓ

3 બારડોલી મોતા ગામ ખાતે મહાલક્ષ્મી માતા મંદિર ની સાલગીરી ઉજવાઈ

4 ઝાંઝમેર ગામે શ્રી નાગણેચી માતાજી મંદિર ખાતે ભાગવત સપ્તાહનું આયોજન

## સુરત ઇન્દોર સ્ટેડિયમ ખાતે

## ગુરુહરિ પ. પૂ. હરિપ્રસાદ સ્વામીજી મહારાજના આશીર્વાદરૂપ ગુરુજયંતી પર્વ નિમિત્તે પ્રગટ ગુરૂહરિ પ. પૂ. પ્રબોધ સ્વામીજીનાં પ્રત્યક્ષ સાનિધ્યમાં સત્સંગ સભાનો સુરત જિલ્લાના હરિભક્તોએ લાભ લીધો







સુરત ઇન્દોર સ્ટેડિયમ ખાતે ગુરુહરિ પ. પૂ. હરિપ્રસાદ સ્વામીજી મહારાજના આશીર્વાદરૂપ ગુરુજયંતી પર્વ નિમિત્તે પ્રગટ ગુરૂહરિ પ. પૂ. પ્રબોધ સ્વામીજીનાં પ્રત્યક્ષ સાનિધ્યમાં સત્સંગ સભાનો સુરત જિલ્લાના હરિભક્તોએ લાભ લીધો.

બ્રહ્મલીન હરિપ્રસાદ સ્વામીજી ના આધ્યાત્મિક માર્ગ સત્સંગ અને સંસ્કાર વારસાને આગળ ધપાવતા પ્રગટ ગુરુહરી પ્રબોધ જીવન સ્વામીજીના સાનિધ્યમાં સત્સંગ સભા યોજાય હતી જેમાં કેન્દ્રીય જળ મંત્રી સી આર પાટીલ તથા સુરત શહેરના રાજકીય સામાજિક પ્રતિનિધિ ઉપસ્થિત રહી સ્વામીજીના આશિર્વચન મેળવ્યા હતા તથા સુરત શહેર સુરત જિલ્લાના કામરેજ, બારડોલી, કોરી ભઠ્ઠાણા ઓલપાડ, નવસારી, કોસંબા વિસ્તારના ખૂબ મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહી સ્વામીજી દર્શનના સત્સંગ પરાવાણી નો લાભ લીધો હતો.

## તાપી ૧૦૮ દ્વારા અતિ જોખમી સગર્ભા મહિલાની એમ્બ્યુલન્સમાં નોર્મલ પ્રસુતિ કરાવાઈ



**તાપી-** ઉચ્છલ તાલુકાના સામુહીક આરોગ્ય કેન્દ્ર ઉચ્છલ ના પ્રેગનેન્સીનો કેસ તાપી જિલ્લાના ઉચ્છલ લોકેશન ની ૧૦૮ એમ્બ્યુલન્સ ને મળ્યો હતો. નવાપુર તાલુકા ના ચોકી ગામમાં રહેતા મનીષાબેન દિલીપભાઈ ગાવિત નામની મહિલા બાળક નુ ઊંધું હોવાના કારણે (brech presantetion, foot) સગર્ભા ને વ્યારા સિવિલ હોસ્પિટલ ખસડવા મા આવ્યા હતા તેને ૧૦૮ એમ્બ્યુલન્સમાં લઈ હોસ્પિટલ તરફ લઈ જતા રસ્તામાં અસહ દુખાવો ઉપડતા દર્દીને ચેક કરતા લાગ્યું કે એમ્બ્યુલન્સમાં જ ડિલિવરી કરાવી પડશે તેથી એમ્બ્યુલન્સમાં રહેલ જરૂરી સાધન ની તૈયારી કરી ને ઇએમટી જસવંત પંડ્યા અને પાયલોટ દિલીપભાઈ કોટવાળીયા એમ્બ્યુલન્સની રસ્તાની સાઈડ પર ઉભી રાખીને અમદાવાદ હેડ ઓફિસમાં રહેલ ડોક્ટરની સલાહ મુજબ એમ્બ્યુલન્સમાં જ ડિલિવરી કરવાનો નિર્ણય લેતા ગર્ભવતી મહિલા ને ૧૦૮ એમ્બ્યુલન્સમાં જ નોર્મલ પ્રસુતિ કરાવતા મહિલાએ નવજાત શિશુનો જન્મ આપ્યો. અને વધુ સારવાર માટે વ્યારા સિવિલ હોસ્પિટલ માં ૧૦૮ દ્વારા પહોંચાડવા માં આવ્યા. દર્દી અને તેના સગા સંબંધી જોઈએ ૧૦૮ એમ્બ્યુલન્સ ના કર્મચારીઓનો આભાર માન્યો તથા ૧૦૮ જિલ્લા અધિકારી મયંક ચૌધરી તથા પ્રોગ્રામ મેનેજર અભિષેક ઠક્કર વતી ઉચ્છલ ૧૦૮ ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

### ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી એ

## લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી'ને પુષ્પાંજલિ અર્પણ કરી







ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી આદરણીય શ્રી જગત પ્રકાશ નડ્ડાજી એ આજે કેવડીયા સ્થિત લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી'ને પુષ્પાંજલિ અર્પણ કરી.

આ પ્રસંગે પ્રદેશ પ્રભારી અને કેન્દ્રીય મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવજી, રાજસ્થાનના મુખ્યમંત્રી શ્રી ભજનલાલ શર્માજી ઉપસ્થિત રહ્યા.

## પ.પૂ.પ્રબોધજીવનદાસ સ્વામીજી બારડોલી નગરમાં

## શાસ્ત્રી રોડ ખાતે ઉર્મિ પાર્ક સોસાયટીમાં ઇલાબેન ચંદ્રસિંહ ડોડીયા ના ઘરે પધરામણી કરી









એમના પ્રત્યક્ષ દર્શન મહુવા સુગર ફેક્ટરીના ડિરેક્ટર સુરત જીલ્લા ભાજપ મહામંત્રી જીગરભાઈ નાયક અને બારડોલી તાલુકા મહામંત્રી અને મહુવા સુગર ફેક્ટરીના ડિરેક્ટર જીતેન્દ્રસિંહ વાસિયા અને કોરી ભરથાણા, ડાભા, સળિયા, બારડોલી નગર સભા ભરતા ભક્તોએ આશીર્વાદ પ્રાપ્ત કર્યા.

પરમ પૂજય પ્રબોધજીવન સ્વામી સાથે આવેલા પૂ. ગુરુપ્રસાદ સ્વામી અને પૂ. મૈત્રી સ્વામી વગેરે સંતો ઉપથિત ઠાકોરજીની પૂજા થાળ કરી આશિર્વાદ દર્શન નો લાભ સૌ ભકતો નો આપ્યો હતો .

## ઉજ્જૈનમાં મહાકાલ મંદિરની બહાર ભીષણ આગ, અફરાતફરીનો માહોલ સર્જાયો



મધ્ય પ્રદેશના ઉજ્જૈનમાં મહાકાલ મંદિરના ગેટ નંબર ૧ પર આગની ઘટના સામે આવી છે. અહીં અચાનક આગ લાગવાની ઘટનાથી અફરાતરી મચી હતી. આ ઘટનાની જાણ થતા ફાયર બ્રિગેડની ગાડીઓ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ઘણી મહેનત બાદ આગ પર કાબુ મેળવી શકાયો છે. આગનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું કહેવાય છે. જોકે, પોલીસ તપાસ કરે પછી જ કારણ સ્પષ્ટ થશે.

અહેવાલો અનુસાર, સોમવારે (પાંચમી મે) બપોરે હાકાલ મંદિર સ્થિત સુવિધા કેન્દ્રની ઉપર સ્થિત પ્રદૂષણ બોર્ડના કંટ્રોલ રૂમમાં અચાનક આગ લાગી ગઈ હતી. થોડી જ વારમાં આગની જવાળાઓ ફેલાઈ ગઈ હતી. આ માહિતી તાત્કાલિક પોલીસ અને ફાયર બ્રિગેડ ટીમને આપવામાં આવી હતી. આગ એટલી ભયાનક હતી કે કિલોમીટરો દૂર સુધી તેના ધૂમાડાના ગોટે ગોટા જોઈ શકાયા હતા. જોકે, હાલ આગ પર કાબુ મેળવી લીધો છે અને કોઈ જાનહાનિના સમાચાર નથી.

## હજું ૮ મે સુધી સુરત- તાપી જિલ્લામાં માવઠાનો ખતરો



સુરત જિલ્લા સહીતનાં વિસ્તાર માં વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો ત્યારે આજે સોમવારનાં રોજ મોડી સાંજે અનેક વિસ્તારોમાં વરસાદી ઝાડપટા પડ્ય

ટકારમા- હવામાન વિભાગ દ્વારા ગુજરાત સહીત દક્ષિણ ગુજરાત માં કમોસમી વરસાદની આગાહી આપવામાં આવી છે ત્યારે છેલ્લા બે દિવસ થી સુરત જિલ્લા સહીતનાં વિસ્તાર માં વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો ત્યારે આજે સોમવારનાં રોજ મોડી સાંજે અનેક વિસ્તારોમાં વરસાદી ઝાડપટા પડ્યા હતા.

આ અંગે રિસર્ચ એસો. પ્રા. ક. સંશોધન કેન્દ્ર ભરૂચના તજજ્ઞ એચ. બી. સોડવડિયાએ જણાવ્યું હતું કે, સુરત અને તાપી જિલ્લામાં પથી ૮ તારીખ દરમિયાન વતાવરણમાં પલટો આવશે. આ દરમિયાન ૨૦ થી ૨૫ કીમીના ઝડપે પવન ફૂકાશે, મેઘ ગર્જના સાથે મોટા ભાગમાં છુટાછવાયા વરસાદ થવાની શક્યતા રહેલી છે. જેથી ખેડૂતોને અગમચેતીના પગલા લેવા અનુસોધ કરાયો છે.



ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## ભારત-પાકિસ્તાન યુદ્ધની તૈયારી ! ગુજરાતના આ જિલ્લાઓમાં વાગશે સાયરન, જાણો કયા છુપાશો







પાકિસ્તાન સાથે વધી રહેલા તણાવ વચ્ચે ભારત સરકારે ૭ મેના રોજ ૨૪૪ જિલ્લાઓમાં સાયરન વાગશે તેવી માહિતી આપી છે. ગુજરાત સહિત દેશના અનેક રાજયોમાં આ રીતે કેટલાક સ્થળે સાયરન વાગશે.

આ કવાયતનો ઉદ્દેશ્ય નાગરિકોને કટોકટીની પરિસ્થિતિઓનો સામનો કરવા અને નાગરિક સંરક્ષણ તૈયારીઓનું મૂલ્યાંકન કરવા માટે તાલીમ આપવાનો છે, જે પરથી લાગી રહ્યુ છે કે જાણે ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થવાની તૈયારી થઇ રહી છે.

## ૭ ફૂટ ઊંચા હિમ શિવલિંગના દર્શનાર્થે આવશે લાખો શ્રદ્ધાળુઓ, ક્યારથી શરૂ થશે અમરનાથ યાત્રા



કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં અમરનાથની પવિત્ર ગુફાથી બાબા બર્ફાનીની પહેલી તસવીર સામે આવી છે. આ વખતે બરફનું શિવલિંગ આશરે ૭ ફૂટ ઊંચુ છે. આ શિવલિંગના દર્શન માટે દેશભરથી લાખો લોકો અમરનાથ દર્શનાર્થે આવે છે. અમરનાથની યાત્રા ૩ જુલાઈથી શરૂ થશે જે આશરે ૩૮ દિવસ સુધી ચાલશે. ૯ ઓગસ્ટે રક્ષાબંધનના દિવસે આ યાત્રા પૂર્ણ થશે.

અમરનાથ યાત્રા માટે રજિસ્ટ્રેશન શરૂ થઈ ગયા છે. જરૂરી મેડિકલ સર્ટિફિકેટ બનાવવાની પ્રક્રિયા ચાલી રહી છે. ૧૩ થી ૭૦ વર્ષની ઉંમરના ભારતીય અમરનાથ યાત્રા કરી શકે છે. ૨૨ એપ્રિલના પહલગામ હુમલાની અમરનાથ યાત્રાના રજિસ્ટ્રેશન પર કોઈ અસર જોવા નથી મળી રહી. અત્યાર સુધી ગત વર્ષની તુલનામાં ૨૦% વધારે રજિસ્ટ્રેશન થયા છે. ૧૫ એપ્રિલથી ઓફલાઈન અને ઓનલાઇન મોડ દ્વારા આશરે ૩.૫૦ લાખ શ્રદ્ધાળુઓએ અમરનાથ યાત્રા માટે એડવાન્સ રજિસ્ટ્રેશન કરાવ્યું છે.

શ્રાઇન બોર્ડે e-KYC, RFID કાર્ડ, ઓન સ્પોટ રજિસ્ટ્રેશન અને બીજી વ્યવસ્થાઓને પણ બહેતર કરવાનો નિર્ણય લીધો છે. જેથી યાત્રા અધિક સુવ્યવસ્થિત અને સુરક્ષિત થઈ શકે છે. બોર્ડનું કહેવું છે કે, આ વખતે ગત વર્ષથી વધારે શ્રદ્ધાળુઓ આવી શકે છે. તેથી જમ્મુ, શ્રીનગર, બાલટાલ, પહલગામ, નુનવાન અને પંથા ચોક પર રોકાવાની તેમજ રજિસ્ટ્રેશનની વ્યવસ્થાપ પણ કરવામાં આવી રહી છે. પહલગામ હુમલા બાદ સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. જેને લઈને ઘોડાવાળા અને સ્થાનિક સેવાદાર બેઝ કેમ્પમાં આઈડી તપાસ સાથે રજિસ્ટ્રેશન કરાવી રહ્યા છે. તીર્થયાત્રીઓની સુરક્ષાને લઈને કડક આઈટી વેરિફિકેશન સંપૂર્ણ પ્રોટોકોલ સાથે કરાવવામાં આવી રહ્યું છે.

તીર્થયાત્રાને લઈને પીએનબી સર્કલ જમ્મુના ચીફ અનિલ શર્માએ કહ્યું કે, ગર્ભવતી મહિલા, ૧૩ વર્ષથી નાના બાળકો અને ૭૦ વર્ષથી મોટી ઉંમરના લોકોને યાત્રાની મંજૂરી આપવામાં નહીં આવે, ભલે તેમની પાસે મેડિકલ સર્ટિફિકેટ હોય. નોંધનીય છે કે, યાત્રા માટે બે રૂટ આપવામાં આવ્યા છે.

આ રૂટને ગુફા સુધી પહોંચવામાં ૩ દિવસ લાગે છે પરંતુ, આ રસ્તો સરળ છે. યાત્રામાં કોઈ સીધા ચઢાણ નથી. પહલગામથી પહેલો પડાવ ચંદનવાડી છે. આ બેઝ કેમ્પથી ૧૬ કિમી દૂર છે. અહીંથી ચઢાણ શરૂ થાય છે.

## તાપી જિલ્લામાં જાહેર સુલેહ, શાંતિ અને સલામતિ અંગેનું જાહેરનામું




**તાપી -**આગામી સમયમાં બકરી ઈદ નો તહેવાર આવનાર હોઇ જેને અનુલક્ષી તાપી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા જાહેર સુલેહ, શાંતિ અને સલામતિ જળવાઇ રહે તે માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી તાપીએ એક જાહેરનામું બહાર પાડી કેટલાક કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. જાહેરનામા અનુસાર કોઇ પણ વ્યક્તિએ શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ધોકા, બંદુક, છરા લાકડા કે લાકડી, લાઠી, શારીરિક ઇજા પહોંચાડી શકાય તેવું બીજું કોઇ પણ સાધન સાથે લઇ જવું નહિં.

કોઇ પણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઇ જવા નહિં. પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના શસ્ત્રો, અથવા સાધનો લઇ જવા નહિં કે એકઠા કરવા નહિં તથા તૈયાર કરવા નહિં.

ધાર્મિક સ્થળોએ લોકોની લાગણી દુભાય તેવું કૃત્ય કરવું નહિં. તેમજ પ્લાસ્ટિકની કોથળીઓમાં કોઇ પદાર્થ કે પાણી ભરીને ધાર્મિક સ્થળોએ ફેંકવા નહિં. કોઇ રાહદારી કે અન્ય ધર્મના લોકોની લાગણી દુભાય તેવું કૃત્ય કરવું નહિં. જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિં, તેવા હાવભાવ, ચેષ્ટા કરવી નહી કે તેવા ચિત્રો, પત્રિકા કે પ્લેકાર્ડ અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહિં, બતાવવી નહિ અથવા તેનો ફેલાવો કરવો નહિં.

જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવી નહિં. લોકોને અપમાનિત કરવાના ઇરાદાથી જાહેરમાં બુમો પાડવી નહિં તથા સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય જાહેરસભા અથવા સરઘસનું આયોજન કરવું નહિં.

આ હુકમ સરકારી કર્મચારી કે કામ કરતી કોઇ પણ વ્યકતિ કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા, આવું કોઇ હથિયાર લઇ જવાની આજ્ઞા આપેલ હોય તેવા કિસ્સામાં, જિલ્લા મેજીસ્ટ્રેટ તથા જિલ્લા પોલીસ વડાએ અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલીસ અધિકારીને તથા જેને શારિરીક અશક્તિને કારણે લાકડી, લાઠી લઇ જવાની જરૂરિયાત હોય તેવી વ્યક્તિઓને તથા સરકારી અથવા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને લગતા કાર્યક્રમોને લાગુ પડશે નહિં. આ હુકમ તા. ૩૦.૦૬.૨૦૨૫ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

## ખેલ મહાકુંભ ૩.૦ રાજય કક્ષાની જુડો સ્પર્ધા, પોરબંદર ખાતે યોજાઈ



**પોરબંદર-**ખેલ મહાકુંભ ૩.૦ રાજય કક્ષાની જુડો સ્પર્ધા, પોરબંદર ખાતે યોજાઈ હતી. જેમાં સુરતી કુણાલ કુમાર ગીરીશભાઇએ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી સંજીવની હાઇસ્કુલ દામકા , અને સમાજ .પરિવારનું ગૌરવ વધાર્યું છે. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા દસ હજાર રોકડ પુરસ્કાર પ્રાપ્ત કર્યો છે.

## શ્રી સાઇ પ્રશાંતિ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા ૬૭૫ મો આઇ કેમ્પ





**બારડોલી-** શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા સંચાલીત શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે તા. ૦૬/૦૫/૨૦૨૫ ને મંગળવારના રોજ ૬૭૫ માં આઈ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોતિયાના ઓપરેશનો લેન્સ સાથે નીઃશુલ્ક કરવામાં આવ્યા. તેમજ દર્દી તથા તેમના સગાને ભોજન (નારાયણ સેવા) શ્રી હેતલબેન મેઘલભાઈ ભટ્ટ ; બારડોલી તરફથી કરાવવામાં આવ્યું.

શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે આંખ વિભાગ, દાંત વિભાગ અને ફિઝિયોથેરાપી વિભાગ સવારે ૯.૦૦ થી ૫.૦૦ ચાલે છે અને બધી જ સારવાર એકદમ ફ્રીમાં કરવામાં આવે છે. જરૂરિયાત મંદ લોકોને લાભ લેવા વિનંતી

## ભારતીય માનવ બ્યુરો સુરત શાખા કાર્યાલય દ્વારા 'સ્ટાન્ડર્ડ ક્લબ' ના વિદ્યાર્થીઓને ઔદ્યોગિક મુલાકાત કરાઈ






ગત પખવાડીએ ભારતીય માનક બ્યૂરો સુરત શાખા કાર્યાલય(ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલય ભારત સરકાર) દ્વારા ૨૪ શાળા સુરત મહાનગરપાલિકા દ્વારા સંચાલિત સુમન શાળાઓ, ૩ શાળા સનફ્લાવર સ્કૂલ-ગોડાદરા, શારદા વિદ્યાલય-ઈચ્છાપુર, વિદ્યાદીપ સ્કૂલ-અણીતા અને એકલવ્ય મોડલ રેસિડેન્સી સ્કુલ ઈન્દુ વ્યારા મળીને ૩૦ જેટલી સ્ટાન્ડર્ડ ક્લબ ની શાળાઓ ના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને 'યુરો ઇન્ડિયા ફૂડ્સ પ્રાઇવેટ લિમિટેડ- હજીરા' ની ઔદ્યોગિક મુલાકાત કરાવવામાં આવી હતી આ ઔદ્યોગિક મુલાકાતમાં ૧૮૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અને ૧૦૦ થી વધુ શિક્ષકો જોડાયા હતા.

આ સ્ટાન્ડર્ડ ક્લબ ના વિદ્યાર્થીઓ અને શિક્ષકો ને જાણકારી આપવામાં આવી હતી કે કઈ રીતે પ્રોડક્ટ બને છે. અને તેમાં ભારતીય માનક બ્યુરો ની ભાગીદારી કઈ રીતે હોય છે તેની માહિતી આપવામાં આવી હતી તથા અલગ-અલગ સ્ટાન્ડર્ડ અને માનક ચિન્હો ની જાણકારી આપવામાં આવી હતી તથા ઔદ્યોગિક મુલાકાત પૂર્ણ કર્યા બાદ ક્વિઝ કોમ્પિટિશન નું પણ આયોજન કરવામાં આવ્યું હતુ અને એમાં વિજેતા બનીને વિદ્યાર્થીઓને મોમેન્ટો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા આ સમગ્ર કાર્યક્રમ ભારતીય માનક બ્યૂરો સુરત શાખાના વરિષ્ઠ નિયામક અને વડા એસ.કે.સિંહ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો હતો.

## ઉચ્છલમાં સબસિડીવાળા ખાતરની ગેરકાયદે હેરફેરમાં ૮ સામે ગુનો

સોનગઢ- ઉચ્છલ તાલુકાના સાકરદા બ્રિજ નજીકથી પોલીસે ગત ૧૩ એપ્રિલે એક ટ્રકમાંથી ગેરકાયદે રીતે લઈ જવાતા સબસિડીવાળા નીમ-કોટેડ યુરિયા ખાતરની ૭૭૦ બેગ જપ્ત કરી હતી. આ ખાતરનું પૃથક્કરણ કરાવતાં તે સરકારી સબસિડીવાળું હોવાનું બહાર આવ્યું હતું,જેના આધારે આઠ આરોપીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

ઉચ્છલ પોલીસે વાહન ચેકિંગ દરમિયાન એક શંકાસ્પદ ટ્રકને અટકાવી તપાસ કરતાં તેમાંથી પાસ-પરમિટ વગરની યુરિયા ખાતરની ૭૭૦ બેગ (કુલ વજન ૩૪,૬૫૦ કિલો, કિંમત રૂ. ૨,૦૭,૯૦૦) મળી આવી હતી.આ ટ્રકનું પાયલોટિંગ કરતી બે કારમાંથી પાંચ અને ટ્રકમાંથી ત્રણ ઇસમો મળી આવ્યા.આ ઉપરાંત, ખાતર ભરાવનાર ખાંડબારા (તા. નવાપુર)ના રાહુલ જયસ્વાલનું નામ પણ ખુલ્યું.પોલીસે તે સમયે આરોપીઓના જવાબ લઈ તેમને જવા દીધા હતા,પરંતુ ખાતરનો નમૂનો ખેતીવાડી અધિકારીની હાજરીમાં ગાંધીનગરની લેબોરેટરીમાં પૃથક્કરણ માટે મોકલવામાં આવ્યો હતો.

ગત ૩૦ એપ્રિલે મળેલા પૃથક્કરણ રિપોર્ટમાં જણાવાયું હતું કે આ યુરિયા ખાતર સરકારી સબસિડીવાળું નીમ-કોટેડ છે, જેનો ઔદ્યોગિક ઉપયોગ થઈ શકતો નથી.આમ છતાં, આ ખાતર ખાંડબારા થી ચીખલી તરફ ગેરકાયદે લઈ જવામાં આવી રહ્યું હતું.આ બનાવમાં પોલીસે રૂ. ૨,૦૭,૯૦૦નું ખાતર, રૂ. ૧૫ લાખની કિંમતનું ટ્રક, રૂ.૧૦ લાખની કિંમતની બે કાર અને રૂ. ૩૫,૦૦૦ની કિંમતના સાત મોબાઈલ સહિત કુલ રૂ. ૨૭,૪૨ ,૯૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આ અંગે ટ્રક ચાલક શાહરૂખ રઉફ શેખ (રહે. સુંદર નગર, સોનગઢ),યાસીન ફિરોઝખાન પઠાણ (રહે. ઇસ્લામપુરા, સોનગઢ), યાસીન શેખ સતાર શેખ (રહે. દેવજીપૂરા આવાસ, સોનગઢ), રાહુલ જયસ્વાલ (રહે. ખાંડબારા) તેમજ બહાદુર ગેમજી વળવી, મહેશ કૃષ્ણ ગાવીત, શ્રાવણ જાલમસિંગ પાડવી અને રમેશ સોનજી ગાવીત (તમામ રહે.તા.નવાપુર)નો સમાવેશ થાય છે તેમની સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

## ડોસવાડા ડેમની આસપાસની ગાયસાવર અને રૂપવાળા સાઈટ પર રાજયમંત્રી મુકેશભાઈ પટેલે મુલાકાત લીધી

### જે ખેડૂતો ડ્રીપ ઈરીગેશન કરશે તેમના ખેતરમાં ૨૪ કલાક વીજળી મળશેઃ મંત્રી મુકેશભાઈ પટેલ





**તાપી-**ઉકાઈ જળાશય આધારિત સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકાની ઉદ્વહન સિંચાઈ યોજના અંગે રાજયકક્ષાના મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે રૂપવાડા અને ગાયસવાર સાઈટના ડોસવાડા ડેમ બાયફરગેશન ટેઇલ એન્ડ તળાવ ખાતે ચાલી રહેલા કામોની મુલાકાત લીધી હતી. આ સાઈટ પર માન.મંત્રીશ્રી તેમજ ઉપસ્થિત રહેલ સભ્યશ્રી, સરપંચ, સ્થાનિક ગ્રામજનો તેમજ આગેવાનોએ પાણીના ફુલ અને નારિયળથી વધામણા કર્યા હતા.

ઉકાઈ જળાશયના ઉપરવાસમાં આવેલ સોનગઢ, ઉચ્છલ, નિઝર અને કુકરમુંડાનો ડુંગરાળ વિસ્તાર સિંચાઈની સુવિધાથી વંચિત હતો. આ તાલુકામાં ચોમાસામાં સારો વરસાદ પડતો હોવા છતાં પાણીની અછત હતી. આ સમસ્યા માટે ઉદ્વહન સિંચાઈ યોજના, એ જ માત્ર સમસ્યાનું નિરાકરણ હોવાથી આ યોજનાનો અમલ રાજય સરકારના નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ અંતર્ગત કરવામાં આવેલ છે. આ યોજનાનો અંદાજીત ખર્ચ રૂ. ૩૩૫.૩૬ કરોડ છે અને યોજના માટે બે પંપહાઉસ બાંધવામાં આવશે. સોનગઢ તાલુકાનો ડોસવાડા ડેમ પણ આ જ પાઈપલાઈન યોજનાથી ભરવાનું આયોજન છે. આ યોજનાથી સોનગઢ તાલુકાના ૫૪ ગામો જે સિંચાઈ સુવિધાથી વંચિત છે તેમને સિંચાઈ સુવિધાઓ પુરી પાડવમાં આવશે. લગભગ ૨૨૦૦૦ એકર જમીનને કૃષિનો લાભ મળશે.

આ મુલાકાત વેળાએ મંત્રી મુકેશભાઈ પટેલે ગાયસાવર ગામે લોકોને સંબોધતા જણાવ્યું હતું કે ઉકાઈ ડેમના પાણીથી તાપી જિલ્લો હર્યોભર્યો છે. પરંતુ આ જ જિલ્લાના કેટલાક ગામોને આ પાણીનો લાભ ન મળતો હતો. આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની નેમ છે કે છેવાડાના માનવીને તમામ સુવિધાઓનો લાભ મળે. આવા અંતરિયાળ ગામના આદિવાસી લોકોના કલ્યાણઅર્થે આ ઉદવહન યોજનાનો આવિર્ભાવ થયો છે. હજુ પણ જે ગામો આ યોજનાથી વંચિત છે ત્યાં ઉકાઈનું પાણી પહોચાડવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે ખેડૂતોને વર્ષમાં ત્રણ વખત પાકનો લાભ મળશે તેની ખાતરી આપુંછુ. વધુ ઉમેરતા તેમણે ખેડૂતોને સુચન કર્યું હતું કે તમે તમારા ખેતરમાં ડ્રીપ ઈરીગેશનનો ઉપયોગ કરો તો પાણીની બચત થશે અને ખેડૂતોને ૨૪ કલાક વીજળીની સુધીધાઓ પણ મળશે. આ ઉપરાંત માન.મંત્રીએ ગામના સરપંચ, સ્થાનિક ગ્રામજનો તેમજ આગેવાનોને ગામવાર મંડળીની રચના કરી, માઇક્રો ઇરીગેશન દ્વારા ખેતી કરવા સૂચન કર્યુ હતું. આ મુલાકાત વેળાએ જિલ્લા પંચાયતના પ્રમુખ જાલમસિંહ વસાવા, ધારાસભ્ય ડો.જયરામભાઈ ગામીત અને મોહનભાઈ કોકણી, આર.એમ.પટેલ, મુખ્ય ઈજનેર(દ.ગુ.) અને અધિક સચિવ, એ.આર. પટેલ, અધિક્ષક ઈજનેર, ઉકાઈ વર્તુળ(સીવીલ),ઉકાઈ, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ સુરજ વસાવા, મિતેશ વસાવા, તાલુકા સદસ્ય યુસુફભાઈ, ગ્રામજનો અને ખેડૂતો હાજર રહ્યા હતા.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ........

# શું પરિવર્તન એ નિયતિ છે?



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

'પ રિવર્તન' શબ્દથી ભાગ્યે જ કોઈ અપરિચિત હશે. છાશવારે એ શબ્દનો પ્રયોગ પણ થયા કરે છે. આપણા આજના સમયમાં તો તેના ઉપયોગમાં ઠીક ઠીક ઉછાળ આવ્યો છે. આપણાં શાસ્ત્રો, સંતો અને અભ્યાસીઓએ પણ 'પરિવર્તન'ના સ્વીકારની વાત પર પૂરેપૂરી સહમતી દાખવી છે. છતાં 'પરિવર્તન' શબ્દ પૂરેપૂરો સમજાયો છે ખરો એ એક પ્રશ્ન છે. હા, પરિવર્તન એ પ્રકૃતિનો નિયમ છે, મનુષ્યની પણ એ પ્રકૃતિ છે. સૌ કોઈ કશાક બદલાવને ઈચ્છતું હોય છે. પણ એવા બદલાવ કે પરિવર્તનને વ્યાપક પરિપ્રેક્ષ્યમાં જોવાનું વલણ લગભગ ઓછું જણાય છે. પરિવર્તન અર્થાત્ પરિવર્ત તો એવું સૂચવે છે કે એક ચોક્કસ સમયનો, અવધિનો અંત આવ્યો છે. પણ વાત એ સર્વમાં પરિવર્તન એક સહજ ક્રિયા રૂપે આવ્યું છે ખરું ? શું તેમાં કશુંક સ્થિર-બંધિયાર, અરુચિકર હતું અને તેથી અનિવાર્યપણે એક નવો વળાંક જન્મી આવ્યો છે ? શું તેવા પરિવર્તન માટે એવી કોઈ સામાજિક, આર્થિક, રાજકીય કે સાંસ્કૃતિક ભૂમિકા રહી હતી ? શું એ પરિવર્તન સમયની પોતાની જ એક ઘણા સમયની માગ હતી ? પરિવર્તનની એવી લહર જે કારણે આવી છે તે પાછળ કશાંક વિધાયક પરિબળો રહ્યાં છે ખરાં ? શું પરિવર્તનની એવી આબોહવામાં સહજ રૂપે પ્રજાકીય ચેતનાએ કોઈ સક્રિયતા દાખવી હતી ખરી ? એવું પરિવર્તન સ્વયંભૂ, ભોય ફાડીને કોઈ ક્રાંતિ રૂપે આવ્યું હતું ખરું ? અથવા તો પછી એવું પરિવર્તન કોઈ જૂથ, વર્ગ કે વિચારધારા પ્રેરિતના એક ભાગરૂપે આભાસ રૂપે આવ્યું છે ? અથવા જે કંઈક પરંપરાગત હતું તેની સકારણ અવળસવળ કરી રાજકીય કારણોસર પ્રજાને તેવાઓ કંઈક નવું આપી રહ્યા છે કે કરી રહ્યા છે તેવું બતાવવા માટે પરિવર્તનનું એક કૃત્રિમ વાતાવરણ સર્જી રહ્યા છે ? વગેરે સંદર્ભો પણ તપાસ માગી રહે છે. પરિણામે 'પરિવર્તન' જેવી સંજ્ઞાાઓ સમયે સમયે થયેલો પ્રયોગ અલગ અલગ સંદર્ભો કે પરિપ્રેક્ષ્ય લઈને આવે છે.

પરિવર્તન એકાએક આવતું નથી, કદાચ લાવી પણ શકાતું નથી. રાજકારણો ઘણીવાર ઈતિહાસ દર્શાવે છે તેમ એ શબ્દનો ભ્રમજાળ ઊભી કરવામાં ઉપયોગ કર્યો છે. એવા 'પરિવર્તન' શબ્દે આખી પ્રજાને ગેરમાર્ગે દોર્યાનાં દ્રષ્ટાંતો છે. પણ પછી એવો પરિવર્તનનો ફુગ્ગો જોતજોતામાં ફૂટી જતો હોય છે. પ્રજાને છેતરામણીનો અનુભવ પણ થાય છે. પણ ત્યારે દેશ-પ્રજાને ઘણું નુકસાન થઈ ચૂક્યું હોય છે. આભાસી પરિવર્તન સર્જવામાં એવા રાજકારણ કે ચોક્કસ વિચારધારાની સાથે પ્રજાનો અમુક ભાગ પણ હઈસો હઈસો કરીને જોડાતો આવ્યો છે. આવું ઈતિહાસમાં બન્યું છે. એનાં પાર વિનાનાં દ્રષ્ટાંતો છે. પ્રજાને આંજી રાખનારા, પ્રજા પર શબ્દોની ભુરખી નાખનારા જાદુગર સરમુખત્યારોના ઉન્માદે 'પરિવર્તન' શબ્દનો એકાધિક સમયે દુરુપયોગ કર્યો છે. એટલે 'પરિવર્તન' સંજ્ઞાાનો સ્વીકાર કરીએ છીએ ત્યારે આ કે આવું બીજું ઘણું ધ્યાનમાં લેવું પડતું હોય છે.

અહીં પરિવર્તનના અસ્વીકારની વાત નથી. એકલદોકલ વ્યક્તિ કે પ્રજાનો અમુક વર્ગ ન ગમતા પરિવર્તનને અલબત્ત, રોકી શકતાં નથી. તેનો એળે નહીં તો બેળે સ્વીકાર તો કરવો પડે છે પણ ત્યારે ત્યાં એવા થોડાક જણની મરજી કે ઈચ્છા તેવા સ્વીકારની હોતી નથી. હા, આપણે અહીં આ કે આવું કહીએ છીએ ત્યારે કોઈ સ્થિર-રૂઢ પરંપરાનો પક્ષ લઈએ છીએ એવું નથી. સ્થિર-રૂઢ પણ કોઈ એક સમયનું પરિવર્તન જ હતું. પણ તેવી વસ્તુ કે સ્થિરિ રૂઢ બનતાં તેમાં કેટલીક અડચણો વધે, તેની સીમા બંધાય તો ત્યાં એને જડપણે વળગી રહેવાનું હોતું નથી. પરિસ્થિતિ એનો માર્ગ શોધી લેતી હોય, પરિવર્તન યથાસમયે પછી એનું સ્થાન લઈ લેતું હોય છે. ફ્રેચ ક્રાંતિ કે ભારતની આઝાદી એવાં રાજકીય પરિવર્તનોનાં તરત સ્મરણમાં આવે તેવાં દ્રષ્ટાંતો છે. પ્રજા ચેતનાનો સ્વયંભૂ જુવાળ ત્યારે કશુંક નવું કરીને રહે છે. એટલે જે કંઈ જૂનું-જર્જરિત છે, પ્રજાને બિનજરૂરી કે અપ્રસ્તુત છે, નુકસાનકારક છે તેમાં અવશ્ય પરિવર્તન થવું જોઈએ. એવા પરિવર્તન સામે સ્વીકાર-અસ્વીકારનાં પ્રશ્ન રહેતા નથી. અવરોધક- પરિબળોને પરાસ્ત થવું જ પડે છે. મહાભારતમાં કુરૂક્ષેત્રનું યુદ્ધ એવા વ્યાપક પરિવર્તન માટેનું જ યુદ્ધ હતું. તેના સદ્-અસદ્ સાથે પ્રજા કલ્યાણ પણ જોડાયેલું હતું.

હવે આપણી આસપાસ જે પરિવર્તનો- નાનાં કે મોટાં થતાં આવે છે. એ પરિવર્તનોને આંખ ઝીણી કરીને જોવા જેવાં છે. વિશ્વભરમાં અત્યારે કંઈક પ્રજામાં અજંપો છે, રાજકારણમાં કંઈક બખેડા છે, સત્તા-મહત્વાકાંક્ષાઓ જ મુખ્ય બન્યાં છે,

પ્રજાકારણ છેક જ હાંસિયામાં ધકેલાઈ ગયું છે. રાજનીતિને બદલે રાજકારણ, સત્તાકારણ કે સત્તાપ્રપંચ જ કેન્દ્રમાં આવતાં રહ્યાં છે.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
● ૫-સિટર ● ૭-સિટર ●





સંપર્ક- અનિલભાઈ મો.97242 60058




સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431
બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

## કામરેજની રામકબીર શાળાનું વર્ષ ૨૦૨૪ - ૨૫ બોર્ડ પરીક્ષાનું સામાન્ય પ્રવાહનું ૯૪.૬૭ % અને વિજ્ઞાન પ્રવાહનું ૯૦.૯૧ % પરિણામ









**કામરેજ-** ભારતીય વિદ્યામંડળ સંચાલિત રામકબીર હાઇસ્કૂલે ધોરણ - ૧૨ સામાન્ય પ્રવાહનું ૯૪.૬૭ % અને વિજ્ઞાન પ્રવાહનું ૯૦.૯૧ % પરિણામ પ્રાપ્ત કરેલ છે. ધોરણ - ૧૨ સામાન્ય પ્રવાહમાં પ્રથમ ક્રમે જોષી ધ્યાત જે. ( અ૧ - ૯૧.૩૩ % ), બીજા ક્રમે પટેલ મૈત્રી એમ.(A૧ - ૯૦.૮૦ %) ત્રીજા ક્રમે કુકડીયા હસ્તી આર. ( અ૨- ૯૦.૫૩ % ) પ્રાપ્ત કરેલ છે .

ધોરણ - ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પ્રથમ ક્રમે પટેલ ઓમ ( A૨ - ૮૯.૪૨ % ) બીજા ક્રમે ગેવરીયા નીલ ( A૨ - ૮૯.૩૮ % ) ત્રીજા ક્રમે પારેખ હીના (A૨ - ૮૭.૭૧ %) પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે .

ખૂબ જ ઉચ્ચ પરિણામ મેળવવા બદલ સંસ્થાના પ્રમુખ શ્રી અરવિંદભાઇ ભક્ત, માનદમંત્રી શ્રી પરેશભાઇ ભક્ત, ખજાનચી શ્રી જીજ્ઞેશભાઇ ભક્ત , શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઇ દેસાઈ, મા.વિ. ના નિરીક્ષક શ્રી જયંતિભાઇ પટેલ , ઉ.મા.વિ. ના નિરીક્ષક શ્રી કેતનભાઇ દેસાઈ, રામકબીર શાળા પરિવારના તમામ શિક્ષકમિત્રોને તેમજ સફળતા મેળવનાર તમામ વિદ્યાર્થીમિત્રોને અભિનંદન પાઠવી ઉજ્જવળ ભવિષ્ય માટેની શુભકામના પાઠવી હતી.

## જુવેનાઈલ જસ્ટીસ્ટ બોર્ડની જિલ્લા સેવા સદન ખાતે કચેરી કાર્યરત કરવામાં આવી



**તાપી-**જુવેનાઈલ જસ્ટીસ્ટ બોર્ડની કચેરીની ફાળવણી જિલ્લા વહીવટી તંત્ર તાપી દ્વારા જિલ્લા સેવા સદન ખાતે કરવામાં આવી છે. આજ રોજ તા.૦૧ મે ગુજરાત સ્થાપના દિન નિમિતે આ કચેરી કાર્યરત કરતા ઉદ્ઘાટન સમારોહ આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજ સાહેબશ્રી, જુવેનાઇલ જસ્ટિસ બોર્ડના ચેરમેનશ્રી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી, જિલ્લા બાળ કલ્યાણ સમિતિના સભ્યશ્રી, બાર એસોસિયેશનના પ્રમુખશ્રી તેમજ બાળ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ તેમજ બાળકો અને વાલીઓ હાજર રહ્યા હતા. બાળકોના હિતને ધ્યાનમાં રાખી આ કચેરીની ફાળવણી થતા વધુ સક્ષમ રીતે કાર્ય કરી શકાશે. બોર્ડના અધિકારીઓ કર્મચારીઓ દ્વારા આનંદની લાગણી વ્યક્ત કરી સાથે જિલ્લા વહીવટીતંત્રનો આભાર માન્યો હતો. આ કચેરીને બ્લોક નંબર ૫, પ્રથમ માળ, જિલ્લા સેવા સદન, પાનવાડી, વ્યારા ખાતે કાર્યરત કરવામાં આવેલ છે.

॥ શ્રી સદ્ગુરૂ કૃપા ॥
જીતેન્દ્રસિંહ પરમાર Mo. 97274 10292 94268 10292
શ્રીબાલાજી ડાઈનીંગ હોલ
ગુજરાતી થાળી મળશે.
જમવાનું ૧૩૦/-
પાર્સલ ૧૫૦/-
શુધ્ધ શાકાહારી સ્વાદીષ્ટ ભોજન તથા શુભ પ્રસંગે ડિશ પ્રમાણે ઓર્ડર લેવામાં આવશે.

## બારડોલી મોતા ગામ ખાતે મહાલક્ષ્મી માતા મંદિર ની સાલગીરી ઉજવાઈ





**બારડોલી મોતાગામ :** મહાલક્ષ્મી માતાજી મંદિરની સાલગીરી ઉજવવામાં આવી જેમા બારડોલી સુગરની ઉપ પ્રમુખ. અને સુરત જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભાવેશભાઈ પટેલ (બાબેન) ની વિશેષ ઉપસ્થિતિમાં માતાજીની પૂજા આરતી કરવામાં આવી જેમાં મોતાગામ ના માતાજી ભક્તો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દર્શન આરતી નો લાભ ભક્તિ ભાવથી લીધો હતો.

તાપી પુરાણ માં મુક્તપુરી તરીકે આ ગામનો ઐતિહાસિક ઉલ્લેખ છે. મોતા ગામમાં ભગવાન રામ અને સીતા માતા પણ પધાર્યા હતા. તથા ચાર મુખ ધરાવતી બ્રહ્માજીની ૫. ફુટની પૌરાણિક વિશેષ મૂર્તિ આ ગામના મંદિરમાં બિરાજમાન છે. આ ગામમાં અનેક મંદિરો આવેલા છે.

## જમ્મુ-કાશ્મીરના રામબન જિલ્લામાં એક વાહન ૭૦૦ ફૂટ ઊંડી ખીણમાં પડી જતાં ત્રણ સેનાના જવાનો શહિદ થયા



જમ્મુ-કાશ્મીરના રામબન જિલ્લામાં રવિવારે એક વાહન રસ્તા પરથી લપસીને ૭૦૦ ફૂટ ઊંડી ખીણમાં પડી જતાં ત્રણ સેનાના જવાનો શહિદ થયા હતા. જેમની ઓળખ સિપાહી અમિત કુમાર, સુજીત કુમાર અને માન બહાદુર તરીકે થઈ છે. અધિકારીઓએ આ માહિતી આપી. અધિકારીઓએ જણાવ્યું હતું કે સેનાનો ટ્રક રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૪૪ પર જમ્મુથી શ્રીનગર જઈ રહેલા કાફલાનો ભાગ હતો. આ અકસ્માત રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૪૪ પર સવારે ૧૧:૩૦ થયો હતો.

## તાપી જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહમાં એક પણ અ૧ નહીં:૭૧.૧૭ ટકા પરિણામ સાથે બોર્ડથી ૧૨.૩૪ ટકા નીચું; કોમર્સ-આટ્ર્સમાં ૯૫.૦૮ ટકા પરિણામ



**તાપી (વ્યારા)-** તાપી જિલ્લામાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૭૧.૧૭% આવ્યું છે, જે રાજ્ય બોર્ડના ૮૩.૫૧% પરિણામથી ૧૨.૩૪% ટકાઓછું છે. જિલ્લામાં કુલ ૮૮૮ વિદ્યાર્થીઓએ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપી હતી. તેમાંથી ૬૩૨ વિદ્યાર્થીઓ પાસ થયા છે અને ૨૫૬ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે.

નોંધપાત્ર બાબત એ છે કે તાપી જિલ્લામાં એક પણ વિદ્યાર્થી અ૧ ગ્રેડ મેળવી શક્યો નથી. આદિવાસી વિસ્તારોમાં શિક્ષણની ગુણવત્તા અંગે પ્રશ્નો ઉભા થયા છે. જિલ્લાની નામાંકિત શાળાઓમાં ઊંચી ફી વસૂલવામાં આવે છે, છતાં કોઈ શાળા અ૧ ગ્રેડ મેળવી શકી નથી. બીજી તરફ, તાપી જિલ્લાનું કોમર્સ અને આટ્ર્સનું પરિણામ ૯૫.૦૮% ટકાઆવ્યું છે, જે રાજ્ય બોર્ડના ૯૩.૦૭% પરિણામથી ૨.૦૧% ટકાવધારે છે. આ પ્રવાહમાં કુલ ૪૧૦૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૩૯૦૧ વિદ્યાર્થીઓ પાસ થયા છે અને ૨૦૨ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે.

ઉલ્લેખનીય છે કે તાપી ઉપરાંત ડાંગ, છોટાઉદેપુર, દાહોદ અને દીવ (કેન્દ્રશાસિત) જિલ્લાઓમાં પણ વિજ્ઞાન પ્રવાહમાં કોઈ વિદ્યાર્થી A૧ ગ્રેડ મેળવી શક્યો નથી.

## વ્યારામાં મશીનથી માર્ગો પર સફાઇ કરવા વિપક્ષની રજૂઆત

**વ્યારા-** વ્યારા નગરમાં પાલિકા દ્વારા નવા રસ્તાઓ બનાવવામાં આવ્યા છે, પરંતુ તેની ઉપર સાફ-સફાઈ કરવા માટે ઉપયોગમાં લેવાતો સ્વીપર મશિન રીપેરીંગના અભાવે ધૂળ ખાઈ રહ્યું છે. જેને લઈને રસ્તા પર હાલ ઉડી રહેલી ધૂળની ડમરીથી વ્યારા નગરજનો, વાહન ચાલકો અને દુકાનદારો ખૂબ જ મુશ્કેલી અનુભવી રહ્યા છે. જેને લઇને વ્યારા વિરોધ પક્ષના નેતા જોનીલ ગામીત દ્વારા ચીફ ઓફિસરને લેખિતમાં રજૂઆત કરી તાત્કાલિક સ્વીપર મશીનથી રસ્તાઓ સાફ-સફાઈની માગ કરી હતી.

હાલ ૨૬મી જાન્યુઆરીની રાજય કક્ષાની ઉજવણી બાદ વ્યારા નગરની રોનક ખૂબ જ વધી ગઈ છે. નવા રસ્તાઓ બની જતા નગરમાં સુંદરતામાં પણ વધારો થઈ ગયો છે. સુંદરતાને યથાવત રાખવા માટે વ્યારા નગરપાલિકા પાસે ધૂળની ડમરીઓને ઉડતી અટકાવવા માટે અને રસ્તાઓ સાફ-સફાઈ માટે સ્વીપર મશિનની સુવિધા છે પરંતુ રીપેરીંગના અભાવે ઉપયોગમાં લેવાતો નથી ત્યારે નગરપાલિકા દ્વારા આ બાબતે ગંભીરતા રાખવી તાત્કાલિક સ્વીપર મશિનને ચાલુ કરાવે અથવા હાલ અન્ય સ્થળેથી પણ મશીન મંગાવી રસ્તાઓને સાફ-સફાઈ કરાવડાવે એ જરૂરી બન્યું છે. રસ્તાઓ ઉપર ધૂળની ડમરીઓ ઉડવાને લઈને દુકાનદારો વાહન ચાલકો અને રાહદારીઓ મુશ્કેલી મુકાય છે.

Date-07/05/2025 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## ૨૮ વર્ષીય પિયુષે ઘરમાં ગળે ફાંસો ખાધો, પોલીસે તપાસ શરૂ કરી




બારડોલી- કીમ નજીક કઠોદરા ગામમાં એક યુવકે આપઘાત કરતા ચકચાર મચી ગઈ છે. અંબીકાનગર-૦૨માં રહેતા ૨૮ વર્ષીય પિયુષકુમાર ઉર્ફે પિકો રમેશભાઈ જામ્બુએ પોતાના ઘરે આપઘાત કર્યો છે.

પિયુષે પોતાના મકાનના પહેલા માળે આવેલા રૂમમાં સાડી વડે ગળે ફાંસો ખાધો હતો. પરિવારજનોને જાણ થતાં તેમણે પિયુષને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યો હતો. જો કે, ફરજ પરના ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.

ઘટનાની જાણ થતાં કીમ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે ગુનો નોંધી લીધો છે. યુવકે કયા કારણોસર આપઘાત કર્યો તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે.

## શ્રીમદ્ રાજચંદ્ર ઉચ્ચત્તર માધ્યમિક વિભાગનું ધોરણ ૧૨ (કમ્પ્યુટર સાયન્સ) માં ૯૭.૦૫ % પરિણામ

૧.પ્રથમ ક્રમાક



ઠાકોર વેદિકા પ્રફુલસિંહ
Percentile :- 97.66

૨. દ્વિતિય ક્રમાંક




ગુપ્તા મુસ્કાન રાકેશભાઈ
Percentile:- 96.81

૩. તૃતિય ક્રમાક



મંડલ રાહુલ રવિભાઈ
Percentile:- 94.61

શ્રીમદ્ રાજચંદ્ર ઉચ્ચત્તર માધ્યમિક વિભાગનું ધોરણ ૧૨ (કમ્પ્યુટર સાયન્સ) માં ૯૭.૦૫ % પરિણામ બદલ તમામ વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન તથા ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવીએ છીએ.




## તાપી જિલ્લાની ૭ તાલુકા પંચાયતમાંથી માત્ર 3 માં જ કાયમી TDO, બાકી ઈન્ચાર્જ ભરોસે

### વાલોડ તાલુકા પંચાયતમાં ચાર માસની અંદર જ ચોથા ટીડીઓનો ચાર્જ સોપવામાં આવ્યો

**વાલોડ-** વાલોડ તાલુકાના ઇન્ચાર્જ ટીડીઓ રજા પર જતા તેમના સ્થાને સોનગઢ ખાતેથી ૪૫ ક્રમ દૂર ફરજ બજાવતા ટીડીઓને વિલોડનો વધારાનો ચાર્જ વાલોડના ટીડીઓનો પ્રશ્ન સરકાર હલ કરશે કેકેમ?

વાલોડ તાલુકા પંચાયતમાં દીપેક્ષકુમાર પટેલની બદલી થયા બાદ છેલ્લા ચાર માસથી કાયમી ટીડીઓની નિમણૂક થઈ નથી, ડિસેમ્બર માસમાં દીપેક્ષકુમાર પટેલની વાઘોડિયા ખાતે બદલી થતાં સૌ પ્રથમ વાલોડ ટીડીઓનો ચાર્જ વાલોડ ખાતે ફરજ બજાવતા એ. ટી. ડી. ઓ. ફિલિપભાઈ પટેલને વધારાનો ઇન્ચાર્જ ટીડીઓની જવાબદારી સોપવામાં આવી ફીલીપભાઈ કાર્યકાળ દરમિયાન દાદરીયા અને અંધાત્રી ગામના લોકોએ ભ્રષ્ટાચાર મુદ્દે આંદોલન ઉપાડયું હતું જેમાં ફ્લીપભાઈ પટેલે દસમી માર્ચે તપાસ રિપોર્ટ જાહેર બાહેધરી આપ્યાના દિવસે જ તાત્કાલિક તેમની પાસેથી ઇન્ચાર્જ ટીડીઓનો ચાર્જ લઈ લેવામાં આવ્યો હતો અને વ્યારાના ટીડીઓ અલ્પના નાયરને વધારાના ચાર્જ આપવામાં આવ્યો હતો.

અંધાત્રી અને દાદરિયાના ભ્રષ્ટાચાર મુદ્દે બીજી મે ના રોજ તાપી જિલ્લા વિકાસ અધિકારીને રિપોર્ટ કરવામાં આવ્યો હતો અને તા. ૪ થી મે થી ૧૫ મી જુન સુધી વ્યારાના ટીડીઓ અલ્પના નાયરની રજાઓ મંજૂર થતા તેમના સ્થાને વાલોડનો વધારોનો ચાર્જ સોનગઢ તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારી બી. બી. રાઠોડને વધારાનો ચાર્જ આપવામાં આવ્યો છે, આ અંગેનો ઓર્ડર ૩ જી મે ૨૦૨૫ ના રોજ તાપી જિલ્લાના નાયબ ડી.ડી.ઓ. ભરતભાઈ ચાવડાએ કર્યો હતો અને ડોલવણ તાલુકાના તાલુકા વિકાસ અધિકારીનો વધારાના ચાર્જમાંથી બી.બી. રાઠોડને મુક્ત કરી આ હવાલો અન્ય હુકમ ના થાય ત્યાં સુધી એન. ડી. પરમાર મદદનીશ તાલુકા વિકાસ અધિકારી ડોલવણને તેમના દફ્તર ઉપરાંત વધારાનો હવાલો સુપર્ત કરવામાં આવ્યો છે, તાપી જિલ્લાના સાત તાલુકા પંચાયત પૈકી માત્ર ત્રણ તાલુકા પંચાયતમાં કાયમી ટીડીઓ છે, જયારે બાકીની ચાર તાલુકા પંચાયત ઇન્ચાર્જ ટીડીઓથી કામગીરી ચલાવવામાં આવી રહી છે.

## ઝાંઝમેર ગામે શ્રી નાગણેચી માતાજી મંદિર ખાતે ભાગવત સપ્તાહનું આયોજન






**ભાવનગર-** ભાવનગર જિલ્લા ના ગોપનાથ દરિયા કાંઠે આવેલ ઝાંઝમેર ગામે શ્રી નાગણેચી માતાજી મદિર ખાતે શ્રી ભીખુભા બાપુ વાઢેર દ્વારા ભાગવત સપ્તાહ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ભાવનગર તાલુકા ક્ષત્રિય રાજપૂત સમાજના પ્રમુખ શ્રી રાજેન્દ્રસિંહ ગોહિલ (તરસમિયા) તેમજ ભાવેણા વ્યૂઝના તંત્રીશ્રી મહિપતસિંહ જાડેજા (મેઘાવડ) સપ્તાહમાં ખાસ હાજરી આપી હતી. તેમજ વાજા, રાઠોડ, વાઢેર ક્ષત્રિય સમાજ દ્વારા બંને મહેમાનોનું સન્માન કરવામાં આવ્યું.

## ચલથાણ, કડોદરા સહિત અનેક ગામોમાં વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ, ખેડૂતોમાં ચિંતા



**જોળવા અને હલધરું સહિતના ગામડાઓમાં વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ નોંધાયો છે. ભારે પવન સાથે વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ**

બારડોલી- સુરત જિલ્લામાં કમોસમી વરસાદી માહોલ જામ્યો છે. જિલ્લાના ચલથાણ, કડોદરા, જોળવા અને હલધરું સહિતના ગામડાઓમાં વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ નોંધાયો છે. ભારે પવન સાથે વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે.

કાળઝાળ ગરમીમાં અચાનક આવેલા વરસાદે બાળકોને આનંદિત કર્યા છે. જોકે, આ કમોસમી વરસાદથી ગામડાઓના ખેડૂતો મુંઝવણમાં મુકાયા છે. ખાસ કરીને કેરી અને અન્ય ઉનાળુ પાકને નુકસાન થવાની શક્યતાને લઈને ખેડૂતોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

વરસાદ સાથે તેજ પવન ફૂંકાતા વાતાવરણમાં અચાનક પરિવર્તન આવ્યું છે. આ મોસમમાં અણધાર્યા વરસાદથી ખેતી ક્ષેત્રે નુકસાનની આશંકા સેવાઈ રહી છે.

શ્રી મોતા કેળવણી મંડળ દ્વારા સંચાલિત શ્રી શાંતારામ ભટ ઇંગ્લિશ મિડીયમ સ્કૂલ, મોતાનું

## ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૫ માં આપેલ એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહ (અંગ્રેજી માધ્યમ) પરીક્ષામાં શાળાનું એકંદરે પરિણામ ૭૧.૧૮% આવ્યું




**મોતા-** શ્રી મોતા કેળવણી મંડળ દ્વારા સંચાલિત શ્રી શાંતારામ ભટ ઇંગ્લિશ મિડીયમ સ્કૂલ, મોતાનું ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૫ માં આપેલ એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહ (અંગ્રેજી માધ્યમ) પરીક્ષામાં શાળાનું એકંદરે પરિણામ ૭૧.૧૮% આવ્યું છે. જેમાં લોઢી સંધ્યા હનુમંત સિંહ ૯૪.૯૫ PR સાથે શાળામાં પ્રથમક્રમ મેળવ્યો છે. અગ્રવાલ કેયુર રાકેશભાઈ ૮૮.૯૯ PR સાથે શાળામાં દ્વિતીયક્રમ મેળવ્યો છે. પાટીલ તન્વી સંજય ૮૨.૮૫ PR સાથે શાળામાં તૃતીયક્રમ મેળવ્યો છે, તો મોતા કેળવણી મંડળ, સમગ્ર શાળા પરિવાર તેમજ શાળાના આચાર્યાશ્રી તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવે છે.

## શ્રી શાંતારામ ભટ ઇંગ્લિશ મિડીયમ સ્કૂલ, મોતાનું ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૫ માં આપેલ પરીક્ષામાં શાળાના ૧૦૯ વિદ્યાર્થીમાંથી ૧૦૬ વિદ્યાર્થી પાસ







**મોતા -** શ્રી મોતા કેળવણી મંડળ દ્વારા સંચાલિત શ્રી શાંતારામ ભટ ઇંગ્લિશ મિડીયમ સ્કૂલ, મોતાનું ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૫ માં આપેલ પરીક્ષામાં શાળાના ૧૦૯ વિદ્યાર્થીમાંથી ૧૦૬ વિદ્યાર્થી પાસ થયેલ છે, જેથી એકંદરે એચ. એસ. સી. સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૭.૨૫% આવ્યું છે. જેમાં શાહ અરિહા અંકુર ૯૮.૭૩ PR તેમજ A૧ ક્રિમય સાથે શાળામાં પ્રથમક્રમ મેળવ્યો છે પટેલ રુશીલ મીરાજકુમાર ૯૪.૯૦ PR સાથે શાળામાં દ્વિતીયક્રમ મેળવ્યો છે.પંચાલ વીની રાકેશભાઈ ૯૩.૮૩ PR સાથે શાળામાં તૃતીયક્રમ મેળવ્યો છે. તો મોતા કેળવણી મંડળ, સમગ્રશાળા પરિવાર તેમજ શાળાના આચાર્યાશ્રી તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવે છે.

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...
આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્ટ્રકશન ના બાંધકામ માટે સંપર્ક કરો...!!!
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)- SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).